# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં BRTS અને સીટીબસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે. જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉતરો-ઉતર વધારો થઇ રહેલ છે. હાલમાં BRTS ના કુલ ૧૩ રૂટ તેમજ સીટીબસ ના કુલ ૪૩ રૂટ ઉપર આશરે દૈનિક ૨૨૫૦૦૦ જેટલા નાગરિકો જાહેર પરિવહન સેવાનો લાભ લઇ રહેલ છે.

સુરત શહેરમાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા મેટ્રો પ્રોજેક્ટ ની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જેને અનુસંધાનને જાહેર જનતાને તકલીફ ન પડે તે માટે અફેક્ટેડ એરિયામાં ઘણા રસ્તાઓને ડાયવર્ઝન આપવામાં આવેલ છે. હાલ રાજમાર્ગ પર મહિધરપુરા પાસે ચાલી રહેલ મેટ્રોની કામગીરીને કારણે જહેર પરિવહન સેવામાં થોડા સીટીરૂટમાં અસર થવા પામેલ હોઈ નીચે જણાવેલ સીટી રૂટોને તા.૩૦/૦૧/૨૦૨૨ રવિવારના રોજથી ડાયવર્ઝન આપવામાં આવનાર છે.

| સીટીરૂટની માહિતી | | | |
|---|---|---|---|
| ક્રમ નં | સીટીરૂટ નં. | સીટીરૂટનું નામ | આપવામાં આવનાર ડાયવર્ઝન |
| ૧ | ૧૦૬ | સુરત રેલ્વે સ્ટેશન થી આભવા ગામ | વાયા રીંગરોડ |
| ૨ | ૧૦૭ | સુરત રેલ્વે સ્ટેશન થી જહાંગીરપુરા | વાયા ચંદ્રશેખર આઝાદ બ્રીજ |
| ૩ | ૧૦૮ | સુરત રેલ્વે સ્ટેશન થી ઓલપાડ ગામ | વાયા રીંગરોડ |
| ૪ | ૧૧૬ | સુરત રેલ્વે સ્ટેશન થી ખજોદગામ | વાયા રીંગરોડ |
| ૫ | ૧૨૬ | સુરત રેલ્વે સ્ટેશન થી VNSGU | વાયા રીંગરોડ |
| ૬ | ૧૩૭ | સુરત રેલ્વે સ્ટેશન થી વરીયાવ ગામ | વાયા ચંદ્રશેખર આઝાદ બ્રીજ |
| ૭ | ૧૪૭ | ગ્રીનસીટી ભાઠા થી સુરત રેલ્વે સ્ટેશન ઇસ્ટ | વાયા ચંદ્રશેખર આઝાદ બ્રીજ |
| ૮ | ૧૫૩ | ઉમરાગામ થી કાપોદ્રા | વાયા રીંગરોડ |

આ ઉપરાંત મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત મા.પોલીસ કમિશનરશ્રી દ્વારા ભવિષ્યમાં થનાર ડાયવર્ઝન અન્વયે ટ્રાફિક વિભાગ સાથે જરૂરી સંકલન કરી સીટી તથા BRTS રૂટોમાં ફેરફાર કરવામાં આવશે.

વધુમાં શહેરીજનોએ કોવીડ-૧૯ નો ફેલાવો અટકાવવા માટે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર દ્વારાવખતો વખત નિર્દેશિત કરવામાં આવેલ તકેદારી રાખવાની રહેશે અને ફરજીયાત માસ્ક પહેરીને, સોશિયલ ડીસ્ટનસિંગ જાળવી તેમજ મુસાફરી દરમ્યાન વેક્સીન સર્ટિફિકેટ સાથે રાખવા અપીલ કરવામાં આવે છે.

જેની શહેરીજનોએ ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ....................................
તા.૨૯/૦૧/૨૦૨૨